# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

**વર્ષ : ૧૮ અંક : ૨૨૦**

પ્રમુખ
**મણીકાંત મેઘજી મોમાયા**
મો.૯૭૦૩૧ ૦૧૦૧૦

માનદ્ મંત્રી
**પંકજ હીરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદિકા
**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક
**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩.
**email : hydkmm@gmail.com**
**Web : www.kutchibhavanhyd.org**

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ ૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦

કિંમત - રૂ. ૧/-


"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

મણીકાંત મેઘજી મોમાયા

પર્યુષણ મહાપર્વ બહુજ રૂડી રીતે ઉજવાયાં, તપ-જપ-આરાધના થકી આખા શ્રી સંઘમાં આનંદ-મંગળ વ્યાપ્ત હતું. નવરાત્રીની પણ શુભ શરૂઆત થઈ ચુકી છે અને સમય બહુ ઝડપથી શરદપૂર્ણીમાની રાત માટે આગળ વધી રહ્યું છે. સૌ બહુજ ઉત્સાહથી ઉપરોક્ત કાર્યક્રમમાં ભાગ લેશો. આ વર્ષની દિવાળી સૌ માટે રિધ્ધી-સિધ્ધીથી ભરપૂર રહે એવી મંગળકામના કરીએ.





**આપ સહુ પરિવાર જનોને**
**દશેરાની શુભેચ્છા**
**અને**
**આવી રહેલ દિવાળી તથા**
**નૂતન વર્ષની**
**શુભકામના...**



હવે આપ વેબ સાઈટ ઉપર "નિયાંપો" વાંચી શકો છો
**www.kutchibhavanhyd.org**
**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**



# મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા

પર્યુષણ પર્વ ખુબજ સારી રીતે ઉજવાયા, યથાશક્તિ નાના મોટા સૌએ તપસ્યા અને ધાર્મિક લાભ લીધો, સાંવત્સરીક પર્વ (ક્ષમાપના સમ્મેલન) હર્ષોલ્લાસ પૂર્વક ઉજવાયો. સ્વામિવાત્સલ્યના દાતા પ્રમુખ શ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવારનું ખુબ ખુબ આભાર.

શિક્ષણનું મહત્વ વર્તમાન કાળમાં ખુબજ વધી ગયું છે, સમાજના વિદ્યાર્થીઓ આ ક્ષેત્રે મહેનત કરી આગળ વધી રહયા છે એમનું ઉત્સાહ વધારવા સ્વર્ણ અને રજત ચંદ્રક અર્પણ કરવાનો કાર્યક્રમ તા. ૨૨-૯-૨૦૧૩ના દિવસે રાખવામાં આવેલ. અતિથિ વિશેષ તરીકે રામકિષ્ન મઠથી પધારેલ સ્વામિપૂર્ણબોધાનંદજીનું વક્તવ્ય ખુબજ પ્રભાવશાળી રહેલ, આ કાર્યમાં સાથ આપનાર દરેક દાતા પરિવારનો આભાર, તથા સંચાલક શ્રી વિપુલ હરીલાલ નિશરને પણ અભિનંદન. વર્ષ ૨૦૧૨-૧૩ના વર્ષ માટેના કચ્છી મિત્ર મંડળ રોલીંગ ગોલ્ડ મેડલના દાતા શ્રીમતી ભાવનાબેન રમણીકલાલ લીલાધર નાગડા પરિવારનો આભાર તેમજ સિલ્વર મેડલના દાતા શ્રીમતી રિટાબેન મુકેશભાઈ મણિલાલ શાહ પરિવારનો પણ આભાર.

કારોબારી સમિતિની એક સભા તા.૧-૧૦-૨૦૧૩ના દિવસે રાખવામાં આવી હતી.

ભવન બુકીંગ નોન-મેમ્બર માટે આકર્ષક પેકેજ દર જે લાગુ થયેલ છે, તેની વિગત અન્યત્ર છપાયેલ છે. આ પેકેજ દર આપ પોતાના સર્કલમાં જાણ કરી શકો છો. ભવન મેન્ટેનન્સ અને રીપેરીંગનું કાર્ય સુચારૂ રૂપથી ચાલી રહ્યા છે.

સર્વ સમિતિ સંચાલકો તેમના કાર્યોને આગળ વધારવા પ્રયત્નો કરી રહ્યા છે, આપ સૌ એમને સહકાર આપી કાર્યક્રમમાં ઉત્સાહ પૂર્વક ભાગ લેશો એવી આશા.

શરદપૂર્ણિમાની ઉજવણી નિમિત્તે રાસ અને ગરબાની રમઝટ આગામી કાર્યક્રમમાં માણશું સાથે મહિલા સમિતિ આયોજીત ડાન્સ કાર્યક્રમ નવેમ્બરમાં આપણે માણશું.

કારોબારી સમિતિએ ત્રણ મહિનાનો કાર્યકાળ પુર્ણ કરેલ છે. યુવા કાર્યકરો અને વડીલ સભ્યોના સાથ સહકારથી દરેક કાર્ય યોગ્ય રૂપે ચાલી રહ્યા છે.


## Ayurvedic (Weight - Loss) Medicine

**20 Days Medicine - only Rs. 350/-**

**Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.**

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (JAUNDICE) MEDICINE 20 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC MEDICINE ANY (BODY PAIN) 20 DAYS ONLY RS. 350/-
- MEDICINE (HIGHT), (BODY), (PERSONALITY) 30 DAYS ONLY RS. 350/-
- MEDICINE FOR (SMOOKING), (DRINKING) AND (TUBACCO PRODUCT)
- MEDICINE FOR ANY SKIN DISEASES

(જા.ખ.)

Res. : 3-4-760/1/402, Amrit Chaya Aprt., Barkatpura, Street No. 10, Opp. Food World Lane, Opp. Andhra Yuvati School, Near E-Seva, Hyderabad - 500 027.

Ashwin V. Bhatia : Ph : 9395347264, 9392418463, 040-27564183



# સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદક : **રમેશ મણીલાલ શાહ**

ચાતુર્માસ દરમિયાન પર્વોની શૃંખલામાં શરૂ થતા દશેરા પર્વની આપ સહુને શુભેચ્છા.

નવરાત્રી એટલે થનગનાટનો ઉત્સવ, અસુરો સામે શક્તિના વિજયનો મહિમા દેખાય. બધેજ પારંપારિકતા દેખાય. પહેરવેશ ઘરેણા વગેરેમાં Antic તત્વ દેખાઈ આવે. જાતજાતના લોકો, ભાતભાતની ભાષા, પચરંગી વેશભુષા, મિક્સ સભ્યતાઓ મળી સમુહમાં નવરાત્રી પર્વ ઘણી હોંશથી ઉજવે છે અને આનંદ માણે છે.

આવતે મહિને ઝગમગતા દિવડાઓનો તહેવાર દિવાળી આવશે. ગમે તેવી તકલિફો હોવા છતાં, મોંઘવારી હોવા છતાં, લોકો એક સમયે તે બધું ભુલી તહેવારો આનંદથી ઉજવે છે, તેજ છે આપણા દેશના તહેવારોનો મહિમા.

**ફરી આપ સર્વ પરિવારજનોને દશેરા તથા દિવાળીની હાર્દિક શુભેચ્છા.**

## વાચકો ને આમંત્રણ - નિબંધ પ્રતિયોગિતા-૨

દરેક ભાષાઓમાં કહેવતોનો અમુલ્ય ખજાનો હોય છે. જીવનના અનુભવનો નિચોડ હોય છે તે થોડાં શબ્દોમાં ઘણું બધું કહી જાય છે. આપણી ગુજરાતી ભાષામાં પણ અનેક કહેવતો છે તેમાંની એક કહેવત નીચે આપેલ છે.

## "જે દેશના રાજા વેપારી તેની પ્રજા ભિખારી"

ઉપરની કહેવત આપણને શું સમઝાવે છે તે ઉપર ૩૦૦ શબ્દોનો એક નિંબધ ગુજરાતી, અંગ્રેજી અથવા હિન્દીમાં લખી તા. ૩૧-૧૦-૨૦૧૩ સુધીમાં શ્રી કચ્છી ભવનમાં મોકલી આપશો. ઉત્તમ ત્રણ નિબંધોને શ્રી વસંતભાઈ પ્રાગજી શાહ તરફથી પારીતોષીક આપવામાં આવશે. પ્રથમ આવેલ કૃતિ નિયાપોમાં પણ છાપવામાં આવશે.

**-સંપાદકો**



FOR ALL YOUR COMPUTER WORK
- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)

# કચ્છી - ભવન

## નોન મેમ્બરો માટે સ્પેશિયલ કિફાઈતી હોલ બુકીંગ પેકેજ

જણાવતા હર્ષ થાય છે કે નોન મેમ્બરો માટે કચ્છી ભવનના મેઈન હોલ તથા સાઈડ હોલ માટે કિફાયતી દર નક્કી કરેલ છે. જો ઉપલબ્ધ હશે તો નીચે મુજબના દરે ફાળવવામાં આવશે.

**મેઈન હોલ - ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર (નોરમલ બુકીંગ દર રૂા. ૪૨,૦૦૦/- એક દિવસના)**

* ૪૫ દિવસની અંદર બુક કરાવતા રૂા. ૨૭,૦૦૦/- એક દિવસના,
* ૩૦ દિવસની અંદર બુક કરાવતા રૂા. ૨૦,૦૦૦/- એક દિવસના.

**સાઈડ હોલ (નોરમલ બુકીંગ દર રૂા. ૧૬,૦૦૦/- એક દિવસના)**

* ૪૫ દિવસની અંદર બુક કરાવતા રૂા. ૧૦,૦૦૦/- એક દિવસના
* ૩૦ દિવસની અંદર બુક કરાવતા રૂા. ૮,૦૦૦/- એક દિવસના.

## નોન મેમ્બરો માટે મિટીંગ અથવા કોન્ફરન્સ માટે સ્પેશિયલ પેકેજ

**મેઈન ગ્રાઉન્ડ ફ્લોર હોલ (ઉપલબ્ધ હશે તો)**

* ૩૦ દિવસની અંદર બુકીંગ કરાવતા રૂા. ૨૦,૦૦૦/-,
* ૧૫ દિવસની અંદર બુકીંગ કરાવતા રૂા. ૧૫,૦૦૦/-

નોંધ : ૧) વધારેમાં વધારે ૨૦૦ વ્યક્તિઓ માટે ૨) ભાડાના દરમાં સાઉન્ડ સીસ્ટમ, ખુરશીઓ, સ્ટેજ લાઈટ, પંખાનો પણ સમાવેશ થાય છે.

**સાઈડ હોલ (ઉપલબ્ધ હશે તો)**

* ૩૦ દિવસની અંદર બુકીંગ કરાવતા રૂા. ૮,૦૦૦/-,
* ૧૫ દિવસની અંદર બુકીંગ કરાવતા રૂા. ૭,૦૦૦/-

નોંધ : ૧) વધારેમાં વધારે ૧૦૦ વ્યક્તિઓ માટે ૨) ભાડાના દરમાં સાઉન્ડ સીસ્ટમ, ખુરશીઓ, સ્ટેજ લાઈટ પંખાનો પણ સમાવેશ થાય છે.

ખાસ નોંધ : બુકીંગ ફક્ત ૩ કલાક માટે જ રહેશે. સરવીસ ટેક્ષ તેમજ બીજી જરૂરી ચીજો - એરકુલર્સ, જનરેટર ચાર્જેસ વગેરે ખર્ચ અલગથી આપવાનું રહેશે.

# KUTCHI BHAVAN HALL BOOKING

**KUTCHI BHAVAN**

Hall Booking's special rates for Non member's only.

**Main Hall (Booking Rate 42,000/- per day)**

Ground & 1st Floor Hall against the availibility of Hall

- Booking made within 45 day's Rates will be 27,000.00 per day
- Booking made within 30 day's Rates will be 20,000.00 per day.

**Side Hall (Booking Rate 16,000/- per day)**

Side Hall against the availibilty of hall

- Booking made within 45 day's Rates will be 10,000/- per day.
- Booking made within 30 day's Rates will be 8,000/- per day.

## Special Package's for meetings & conferances only for Non members.

**Ground floor Hall only** : Against the availibility of hall & booking made in less than 30 day's 20,000/-, less than 15 day's 15,000/-.

For maximum 200 persons. Rent includes, Sound System, Chair's Dia's, Lights & Fan's.

**Side Hall (Against availability of hall)**

- Booking made in less than 30 days - 8,000/-
- Booking made in less than 15 days - 7,000/-

For maximum 100 persons. Rent includes Sound System, Chairs, Light & Fans & Dia's.

Note : Time for booking is for 3 hrs only. Service Tax & other required Item's e.g. Aircooler, Generator etc. will be charged extra.

|| Jai Mahaveer ||

**Season's Greetings & Happy Dassera to all of you.**

Rain Rain come again ! But if the Rain drains what would be the situation? Have you ever thought of it ? Though water is cool in nature it can spread like a wild fire and to control the flow of water becomes very very difficult. At present situation, in Northern parts of India has become very disastrous and the situation is very grim and gloomy in parts of Kashmir, Uttarakhand and Utttaranchal Pradesh.

Although we are safe in Hyderabad we face many petty domestic problems which arise out of rain such as seepage from terrace, toilets, bathroom, window panels etc. sometimes we try to overlook or avoid to take, preventive measures. Such negligence will cause lot of problems in the time to come.

Well ! we are here to help you out and get rid of the above problems in a very short time.

**Contact : "Naman Construction solutions"**

Without causing any breakage or damage to your existing structure with the help of Nano Technology Products and skilled workers we are making a small effort to bail you out of the above problems. We also undertake painting assignments to flats, shops and establishments.

# NAMAN CONSTRUCTION SOLUTIONS

B/1, Suryanarayana Apartments,
Opp. Patel Ghanshyam Pragati Samaj Hall,
Lingampally, Kachiguda, Hyderabad - 500 027.
Contact : **Vardhaman D. Shah**
Mobile No. : 9885341835.

***Wish you happy Dussera, Diwali & New Year*** (જા.ખ.)

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

## આવેલ દાનની વિગત

| દાતાઓના નામ | આશ્રમ રૂ. | ગૌશાલા રૂ. | ડાયાલીસીસ (એક ના રૂ ૫૦૦ લેખે) | હોસ્પિટલ જાનવરોની વૈયોવચ્ચ રૂ. | જીવદયા રૂ. | ગૌ ગ્રાસ ૧ ઓટો ઘાસના રૂ. ૮૦૦ |
|---|---|---|---|---|---|---|
| ડો.દિલીપ ભાનુશાલી | - | ૧૦૦૦ | - | - | - | - |
| શ્રી વિનોદ ધરોડ | - | ૧૦૦૦ | - | - | - | - |
| શ્રીમતી હીના હિતેન સંગોઈ | ૫૦૦ | ૫૦૦ | ૧ | ૫૦૦ | ૫૦૦ | ૧ |
| સ્વ.વિનોદ વેલજી ધરમશી હ : મોનીક ધરમશી | - | ૫૦૦ | - | - | - | - |
| હસ્તી દુર્લેશ વોરા | - | ૨૦૦ | - | - | ૫૦૦ | - |
| શ્રીમતી ચંચળબેન માવજી રવજી | ૫૦૦ | ૫૦૦ | ૧ | - | - | - |
| ભૂમીક અને જીત ગાલા | - | ૫૦૦ | - | - | - | - |
| શ્રી પ્રફુલ્લ ધરોડ | - | ૫૦૦ | - | - | ૫૦૦ | - |
| ડો.મીનલ મૃદુલ ધરોડ | - | ૧૦૦૦ | - | - | - | - |
| શ્રી ધરોડ ભાવિક મંડળ | ૫૦૦ | - | ૧ | - | ૫૦૦ | - |
| શ્રી હર્ષદ કે. ધરોડ | ૫૦૦ | - | - | - | - | - |
| રાજબાઈ પદમશી મોતા | ૧૧૧૧ | - | - | - | - | - |
| શ્રીમતી સુંદરબેન મણિલાલ ધરોડ | - | - | ૧ | - | - | - |
| આરતી મીત ગાલા | - | - | ૧ | - | - | - |
| મોક્ષ પીયુષ શાહ | - | - | ૫ | - | - | - |
| શ્રીમતી આશા કિરણ રાંભીયા | - | - | ૧ | - | - | - |
| શ્રીમતી યશવંતી તારાચંદ હેનીયા | - | - | ૨ | - | - | - |
| શ્રી વલ્લભજી મેઘજી સાવલા | - | - | ૧ | - | - | - |
| સમીર એમ. ગાલા | - | - | ૧ | - | - | - |
| સુંદરબેન સાવલા | - | - | ૨ | - | - | - |
| ચિ. લક્ષ્ય હિતેન ગાલા | - | - | ૧ | - | - | - |
| સ્વ.માલતીબેન મુલચંદ ગાંધી હઃ રાજશ્રી વિજય વોરા | - | - | ૧ | - | - | - |
| શ્રીમતી જ્યોતિબેન ધનજી વોરા હઃ શ્રી વિજય ડી. વોરા | - | - | ૧ | - | - | - |
| ચિ.આરૂષ મેહુલ મહેતા (શ્રી દિલીપ મહેતાના પૌત્રના જન્મ દિન પ્રસંગે) | - | - | ૧ | - | - | - |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જીશા જીતેન શાંતિલાલ નાગડા | ૧૧૦૦ | ૧૧૦૦ | - | - | - | - |
| હ: નીર્મલાબેન દામજી ગડા | | | | | | |
| સુધા વિનોદ બાજપાઈ | - | ૨૦૧ | - | - | - | - |
| એક સદગૃહસ્થ તરફથી | - | ૫૦૦ | - | - | - | - |
| શુભ સાગર અપાર્ટમેન્ટના રહેવાસીઓ તરફથી | ૫૦૦ | ૫૦૦ | - | - | - | - |

**મૂઠીભર અનાજ યોજના :** ગત માસમાં ૩૭૫ કીલો ચોખા તથા ૬૦ કિલો દાળ પ્રાપ્ત થયા હતા. ૫૦ કિલો ચોખા તથા ૨૫ કિલો દાળ ડો. દિલીપ ભાનુશાલી તરફથી મળ્યા હતા. ઉપરોક્ત અનાજ વિવિધ આશ્રમમાં વિતરણ થયું હતું.

આપને જણાવતા હર્ષ થાય છે કે અમારા માનવમિત્ર સમિતિના ઘનિષ્ટ કાર્યકર્તાઓની "**શ્રી ડુંગરશી રવજી મારૂ ટ્રસ્ટ**"ના ટ્રસ્ટ બોર્ડમાં ટ્રસ્ટી તરીકે નીમણુંક થઈ છે.

૧. શ્રી પંકજ વલ્લભજી સાવલા, ૨. ડો. રીટાબેન હરિશ ગાલા, ૩. શ્રી હિતેન મણિલાલ સંઘોઈ.

ઉપરોક્ત ત્રણે ટ્રસ્ટીઓને અમારા માનવમિત્ર સમિતિના સર્વે સભ્યો વતિ ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ.

સુધારો : ગત માસમાં નિયાંપોમાં આપેલ દાનની વિગતમાં ડાયાલાસીસ માટે ૧ ડાયલાસીસના દાતાનું નામ સુધારીને પ્રીતી પારસ શાંતિલાલ મોરબીયા વાંચવા વિનંતી.

## પર્યુષણ ઉત્સવ સમિતિ

સંચાલક : **હેમાંગ મણિકાંત મોમાયા**
ફોન : ૯૮૮૫૧૦૧૦૧૦

પર્યુષણ પર્વ બહુજ રૂડી રીતે ઉજવાયાં. આ વર્ષે શ્રી સંઘમાં અભૂતપૂર્વ તપસ્યાઓ થઈ. ૨ સિદ્ધીતપ, ૩ સોળ ઉપવાસ ત્થા ૩૮ અઠ્ઠાઈ તપના સર્વે તપસ્વીઓનું ક્ષમાપના દિને બહુમાન કરવામાં આવ્યું. પાંચમના સાંજના મોટા પ્રતિક્રમણમાં શ્રીફળની પ્રભાવના માતુશ્રી શાંતાબેન હીરજી કાનજી ગોસર પરિવાર તરફથી હતી, લાડુની પ્રભાવના શ્રી બાલાજી રતનલાલ મીઠાઈવાળા તરફથી હતી. **ક્ષમાપના સમ્મેલનનું સ્વામિવાત્સલ્ય શ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવારજનો તરફથી હતું.** દાતા પરિવારનો ખુબ ખુબ આભાર. સ્વામીવાત્સલ્યનો પ્રસાદ ઉપસ્થિત સૌએ લાભ લીધેલ.

આ પ્રસંગે પ.પૂ. સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ પ્રાસંગિક વ્યાખ્યાન તથા માંગલીક સંભળાવેલ.

અંતે બારમાસો કહ્યાબાદ સૌએ એક બીજાને મિચ્છામિ દુક્કડમ કહી અંતકરણ પૂર્વક ખમાવેલ.

આગામી પર્યુષણ પર્વ નિમીત્તે ક્ષમાપના સમ્મેલનના સ્વામિવાત્સલ્ય માટે બે દાતાઓના નામ આવી ગયેલ છે. ૨૦૧૪ માટે શ્રી જયચંદ હેમરાજ મૈશેરી તથા ૨૦૧૫ માટે શ્રી ઉત્તમચંદ નરશી મોમાયા અને શ્રી લહેરચંદ ટોકરશી લોડાયા ના નામો જાહેર થયેલ. તેઓનો આભાર..

# મહિલા સમિતિ

સંચાલિકા : ખુશાલી જયેશ નાગડા

સૌ પ્રથમ મારી બધીજ બહેનો અને સખીયોને શ્રી કચ્છી મિત્ર મંડળ મહિલા સમિતી તરફથી હાર્દીક "મિચ્છામિ દુક્કડમ". તપ, જપ અને આરાધના કરી, બધાને ખમી ખમાવી નીત્ય ક્રમમાં આગળ વધતા, માતાજીના ગરબા લેશુ ને ત્યાર પછી દેવી લક્ષ્મીજીનું ધૂમ-ધામથી સ્વાગત કરશું.

તો તમારી સમક્ષ દ્વિવાળીના ધમાકા સાથે આવશે, "SHRI KUTCHI MITRA MANDAL DANCING SUPER STARS". શનિવાર તા. ૯-૧૧-૨૦૧૩ સાંજના ૪.૦૦ વાગે 'કચ્છી ભવન'માં નૃત્યની પ્રતિયોગીતા ને માંણવા સમયસર જરૂર પધારજો.

## કેટેગરીસ

1) KMM Dancing Super Girls - Junior — Age group 7 to 12 yrs.
2) KMM Dancing Super Girls - Senior — Age group 13 and above
3) KMM Dancing Super Boys — Age group 7 to 15 yrs.
4) KMM Dancing Super Wifes
(પરીણીત પણ જેમને સંતાન ન હોય તે)
5) KMM Dancing Super Moms Juniors — Age group below 40 yrs.
6) KMM Dancing Super Moms Senior — Age group above 41 yrs.
7) KMM Dancing Super Grand Moms

**RULES**

૧) તા. ૨૦-૧૦-૨૦૧૩ પછી એન્ટ્રી લેવામાં આવશે નહીં.

૨) પોતાના નામ સાથે ગીત લખાવવો Compulsory છે.

૩) ગીત ફક્ત Bollywood ની ફીલ્મનો જ હોવો જોઈએ (હિન્દી).

૪) જે કેટેગરીમાં સેમી - ફાઈનલ રાઉન્ડ થશે તેમને અમારા તરફથી જાણ કરવામાં આવશે.

૫) Dance ફક્ત બે-થી-ત્રણ મિનીટનો જ કરવાનો રહેશે, બે મિનીટથી ઓછો અથવા ત્રણ મિનીટ થી વધારે સમય લાગતા તે પ્રતિયોગીને **Negative points** અપાશે.

૬) Dance સાથે બેસ્ટ ડ્રેસને પણ ઈનામ આપવામાં આવશે.

૭) Props Dance ને લાગતી કોઈ પણ વસ્તુ વાપરી શકાશે.

૮) તા. ૭-૧૧-૨૦૧૩ ના સાંજના ૬.૦૦ થી રાત ૭.૦૦ ની વચ્ચે ગીતની સી.ડી. આપવા કચ્છી ભવન માં આવવાનું રહેશે, જેની સી.ડી. નહીં મળે તેને Disqualify કરવામાં આવશે.

૯) કાર્યક્રમના દીવસે બધા પ્રતિયોગીયોએ ઘરેથી તૈયાર થઈને, ૩.૩૦ વાગ્યા સુધી કચ્છી ભવનમાં Register કરાવવાનું રહેશે.

**RULES FOR AUDIANCE**

1) તા. ૯-૧૧-૨૦૧૩ સાંજના ૪.૦૦ વાગે કાર્યક્રમ શરૂ કરવામા આવશે, તો નૃત્ય અને સંગીતનેને માણવા સમયસર પધારજો.

૪.૩૦ વાગે પછી આવનાર ને રૂ. ૨૫ ભરવાના રહેશે. અલ્પાહારની સગવડ રાખવામાં આવશે. વધારે વિગત માટે સંપર્ક કરો :

| | | | |
|---|---|---|---|
| ૧) | **હીના હિતેન નાગડા** | - | ૯૩૯૭૬ ૫૭૩૪૩ |
| ૨) | **જયશ્રી ભાવેશ ગાલા** | - | ૯૯૮૯૦૭૮૯૮૬ |
| ૩) | **દર્શના પંકિત સાવલા** | - | ૯૦૩૨૭ ૬૭૧૧૧ |

(દરેક કેટેગરીમાં પહેલો, બીજો અને ત્રીજો તથા એક Best Dress નો એમ ચાર Cash Prizes આપવામાં આવશે તો જેઓએ હજી નામ નથી લખાવ્યા તેઓ ઝડપ કરજો નહીં તો અફસોસ કરતા રહી જશો.)

## સભ્યપદ સમિતિ

સંચાલક : **હરેશ હેમરાજ દેઢિયા,** ૯૨૪૬૧૯૪૪૦૫

સહર્ષ જણાવવાનું કે મંડળની ૧-૧૦-૨૦૧૩ નાં મળેલ કારોબારી સભામાં સપ્ટેમ્બર ૨૦૧૩ ના ૮ (આઠ) નવા સભ્યોની આજીવન સભ્યપદની અરજીઓ મંજૂર કરવામાં આવલ છે.

| | **નામ** | **ગામ** | **મેમ્બરશીપ નંબર** |
|---|---|---|---|
| ૧ | કુમારી ક્રીના વિજય લોડાયા | બાંઢિયા | K/1024/10/13 |
| ૨ | શ્રીમતી હીના કિરન વીરા | મેરાવા | K/1019/10/13 |
| ૩ | શ્રીમતી લીના ભરત મહેતા | ભુટકીયા ભીમાસર | L/1006/10/13 |
| ૪ | કુમાર જય મણીલાલ સાવલા | મોટા આસંબીયા | J/1010/10/13 |
| ૫ | શ્રી રાહુલ શાંતિલાલ ગોર | બીદડા | R/1015/10/13 |
| ૬ | કુમાર અભિષેક જયેન્દ્ર મહેતા | અંજાર | A/1010/10/13 |
| ૭ | શ્રીમતી પલ્લવી દિનેશ પારેખ | અંજાર | P/1017/10/13 |
| ૮ | શ્રીમતી જ્યોતિ ભરત પારેખ | અંજાર | J/1011/10/13 |

ઉપરોક્ત સર્વે સભ્યોને મંડળવતી હાર્દિક અભિનંદન....


# KEVAL & KANCHAN GRUH UDYOG

❖ *Specialist in all Khakhras* ❖

*Ghee Jeera, Ghee Sada, Methi Sada, Sp. Masala, Sp. Masala Methi, Chorafali, S.P. Math, Pavbhaji, Bajar, Bajar (tal) & Mangroli.*

(જા.ખ.)

Ph : **Alpa Gala** - 98490 10165, **Gaurav Gala** - 93460 10165, **Bijal Gala** - 95335 90165, 2760 8197

# SIKSHAN SAMITI

Sanchalak : **VIPUL HARILAL NISAR**
9848129772

The KMM Shikshan Awards Nite was held on 22nd Sept2013 at the Bhavan's premises in the august presence of the Chief Guest of the evening revered Swami Purnabodhananda from Shri Ramakrisha Math, President Shri Manikantbhai Momaya,Managing Trustee Shri Dhanjibhai Savla, Secretary Shri Pankaj Savla, Vice-President Shri Dirgesh Nisar, Committee members, Trustees, Guests, Parents and Awardees.

In his welcome address , the Sanchalak of Shikshan Samiti Shri Vipul Nisar expressed the need for our students to work hard towards appearing for Civil Services and try to secure good placements in IAS/IPS/IRS and make our community proud. The President in his speech expressed that Kutchchi Mitra Mandal through its Shikshan Sahayata program was willing to help needy students for their higher studies.

Chief guest of the evening Swami Purnabodhanada, in his keynote address, explained about the relevance of Swami Vivekananda's teachings in today's times .The audience was enthralled with his inimitable style laded with humorous anecdotes and sharp wit.

The Silver and Gold Medal were presented to the students by the respective Donors.

**NAMES OF GOLD MEDAL WINNERS**

| **Class** | **Name** | **Village in Kutchch** |
|---|---|---|
| Xth | Kevin Rahul Sanghoi | Toda |
| Inter Commerce | Rajul Praveen Lodaya | Naliya |
| Inter Science | Vaibhav Sanjay Lalka | Varapadhar |
| Graduate commerce | Chirag Jitendra Dharamshi | Jhakau |
| Graduate Science | Chandani Harish Lapasia | Daltungi |
| PG-CA final | Gaurav Kirti Gala | Lakahpar |
| PG-Science | Ketika Manoj Nagda | Moti Varandi |
| KMM Special Achievement | Kartik Arvind Pethad | Navinaar |

We thank and acknowledge the following :

**LIST OF DONORS- GOLD MEDALS**

| | | | |
|---|---|---|---|
| 1. | Class X | Smt.Kasturben Keshavji Rambhiya Parivar | Gundala |
| 2. | Inter Science | Shri Damji Jivraj Nagda Parivar | Moti Varandi |
| 3. | Inter Commerce | Smt.Laxmiben Mavji Gala Parivar | Lakhapur |
| 4. | Degree Science | Smt.Maniben Ratansi Gogri Parivar | Nangalpur |
| 5. | Degree Commerce | Smt.Mulbai Bhanji Kheraj Parivar | Vadala |
| 6. | P.G Science | Shri Hemant Keshavlal Sanghvi Parivar | Mundra |
| 7. | P.G. Commerce | Shri Ankit Mukesh Dharod Parivar | Patri |
| 8. | P.G(Special Achievement) | Shri Kutchhi Mitra Mandal Medal For 2013 | |
| | | Smt Bhavnaben Ramniklal Nagda Parivar | Varandi |
| 9. | Silver Medals-2013 | | |
| | M/s D N S Jewelers | Smt Ritaben Mukesh Amritlal Shah Parivar | Bhuj |

-Smt Pushpa Rao and Smt Nisha Dharod for their assistance in getting appointment with the Adhyaksha Maharaj of Shri Ramakrishna Math.

-Shri Tarachandbhai Dharod for his valuable suggestions and guidance in conducting the program with needle sharp precision.

-Smt Sushilaben Harilal Nisar Parivar for sponsoring gifts for all the medalists and the students of the EPS course for introducing the Gold Medalists.

- Ankit Nitin Vora and Megha Nilesh Bheda for Anchoring the program.

- Harsh Naresh Gala for Multi Media arrangements

- Khyati Kushal Gala - For introducing the Chief Guest

- Uday Devchand Karani and Divya Nitin Gala –Stage Management.

-Anisha Rajesh Dedhia, Priyanka Haresh Shah,-Krupali Ramesh Sawla, Uday Devchand Karani, Mehal Hemant Sanghvi,-Divya Nitin Gala,Pooja Amit Gogri, and Chintal Kiran Sanghvi for doing introductions of the Gold Medalists.

- M/s Sri Raj Jewellers for arranging medals.

-M/s Aakar Decorators for stage decoration.

-Piyush Mehta for Photography .

-M/s Pushpanjali Electricals for Sound System.

-Ms/ Gaurav Caterers for arranging Alpahar.

-Chirag Dharamshi for giving Vote of Thanks.

Last but not least the staff of Shri Kutchchi Mitra Mandal for their ready co-operation in organising the program successfully.

**NIYAPO -** Revised rate for advertisement with effect from October 2013

1. Second page colour art paper ........ Rs 2000/-
2. Last page colour art paper ........ Rs 2500/-
3. Second Last page colour art paper ........ Rs 2000/-
4. Full page B/w Plain paper ........ Rs 700/-
5. Half page B/w plain paper ........ Rs 400/-
6. Quarter page B/w plain paper ........ Rs 200/-
7. Strip B/w plain paper ........ Rs 100/-
8. Colour art paper (each page) ........ Rs 2000/-

**રાહત :** એક વર્ષની બાર (૧૨) જાહેરાત આપનાર પાસેથી ફક્ત દસ (૧૦) જાહેરાતની રકમ લેવામાં આવશે. આ રાહત ઉપર જણાવેલ ૧ થી ૫ સુધીના નેજ આપવામાં આવશે.

## SHANTI PRIMARY SCHOOL

Sanchalak : **NAVINCHAND V. HARIA**
98850 31232

We have just completed the 1st term of this academic year with a fair mix of different activities. Its followed by 1st term holidays. Soon after re-opening of school on 17th October 2013, students would be busy preparing for Children Day's Carnival Exhibition.

Shanti Primary School wishes every one a very happy Dussehra & cordially invites one & all to the exhibition.

**Date of Exhibition : 22nd November 2013**

**Venue : Shanti Primary School, Kachiguda.**

**Timing : 9.00 am to 1.00 pm.**

Make sure to attend the event not only to encourage the children but also to make it a grand success.


**TUITIONS FOR LKG TO X CLASS STUDENTS**

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre, Kachiguda, Hyderabad-500 027.

તમારા બાળકોના ઉજ્વલ ભવિષ્ય માટે સંપર્ક

**TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-66623337**

(જા.ખ.)

WE CANNOT TAKE YOU BACK INTO THE ROYAL ERA.
BUT WE SURELY CAN DO THE NEXT BEST THING,
TREAT YOU LIKE ONE.

Enjoy Journey on NEW ERTIGA - a luxury family saloon car
NEW FIAT LINEA , INNOVA for your daily & monthly requirement
and driving pleasure of C segment cars at very reasonable rate.

ATITHI
TOURS AND TRAVELS
402, Pearl House, Next to IIPM Tower, Erramanzil-Hyderabad-500 082
Contact TUSHAR KARANI on 92465 91107, 98480 11779

(જા.ખ.)

# હૈદરાબાદ નગરે 'કારતકી પૂનમ'

## બેસતા વર્ષની પ્રથમ પૂર્ણિમાના પવિત્ર દિવસે

# શ્રી નવકાર મહામંત્ર જાપ અનુષ્ઠાન

સહ

# શ્રી શત્રુંજય વંદના

(યુવા વિધિકાર "શ્રી હર્ષ દેઢિયા" મુંબઈથી પધારશે)

આવો સહુ પાવન થઈએ નવકારની ગંગામા... જે મહામંત્રના સ્મરણથી શ્રી સુદર્શન શેઠને સૂળીનું સિંહાસન થયેલ, તો શ્રીમતી ને સર્વ ફૂલમાળા બનેલ. શિવકુમાર ને સુવર્ણ પુરૂષ મળેલ તો, અમર કુમાર અને શ્રીપાલ-મયણા આદિ આ મહામંત્રના પ્રભાવે જીવલેણ આપતિઓમાંથી બચી ગયા. આવા મહામંગલકારી શ્રી નવકારના ભાષ્ય જાપ સાથે કારતકી પૂનમ હોવાથી શ્રી શત્રુંજય ગિરિરાજની ભક્તિ - પૂ. શ્રી જયંતભાઈ "રાહી"ના ધર્મપુત્ર લોકલાડિલા વિધિકાર શ્રી હર્ષ દેઢિયાના સંગીતમય સથવારે................. વર્તમાન ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ. સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ત્રણની શુભ નિશ્રામાં...

તા. ૧૭-૧૧-૨૦૧૩ રવિવાર કારતક શુદ પૂનમ સવારના ૯.૦૦ કલાકે

સંપૂર્ણ અનુષ્ઠાન જાપ અને સ્વામીવાત્સલ્ય ના સૌજન્ય દાતા પરિવાર

# માતૃશ્રી રાજબાઈ પદમશી મોતા

## અલકા માર્કેટિંગ

હસ્તે : શ્રીમતી લતા દીલીપ મોતા, શ્રીમતી ગ્રિષ્મા ગીરીશ મોતા

રીતુ, રોમીલ - મિહીર, પર્લ ના જય જીનેન્દ્ર

શુભ સ્થળ : કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ

આયોજક : શ્રી પંચ પરમેષ્ઠિ મહિલા મંડળ, હૈદરાબાદ. આં.પ્ર. (સીટી)

**ખાસ નોંધ : શ્વેત વસ્ત્રોમાં પધારવું.**

(જા.ખ.)



# મનોરંજન સમિતિ

સંચાલક : હેમાંગ મણિકાંત મોમાયા
ફોન : ૯૮૮૫૧૦૧૦૧૦

## મનોરંજન સમિતિ પ્રસ્તુત

# શરદોત્સવ– ૨૦૧૩

## શનિવાર ૧૯-૧૦-૨૦૧૩, સાંજના ૭.૦૦ કલાકે થી,

## સ્થળ : શ્રી હનુમાન વ્યાયામ શાળા, સુલતાન બજાર,

પ્રતિવર્ષાનુસાર આપણે સૌ સાથે મળી **રાસગરબા**ના થનગનાટ સાથે ઉજવીશુ **શરદ પૂર્ણિમા** જેમાં સહ પરિવાર ભાગ લઈ કાર્યક્રમ ને સફળ બનાવવા આપ સૌને આમંત્રણ છે.

દાંડીયા, ગરબા અને વેશભુષા હરિફાઈઓ સાથે નિચે મુજબની વિવિધ હરીફાઈઓ યોજવામાં આવેલ છે.

૧) **આરતી સજાવટ (Aarti Decoration)** : આરતીની થાળી પારંપરિક રીતે ઘરેથી સજાવીને સ્થળ ઉપર સાંજે ૭.૦૦ વાગ્યા સુધી લાવવાની રહશે.

૨) **ગરબો સજાવટ (Garba Decoration)** : ગરબો પારંપરિક રીતે ઘરેથી સજાવીને સ્થળ ઉપર સાંજના ૭.૦૦ વાગ્યા સુધી લાવવાનો રહેશે.

૩) **દાંડીયા સજાવટ (Dandiya Decoration)** : દાંડીયાની જોડ ઘરેથી સજાવીને સ્થળ ઉપર સાંજે ૭.૦૦ વાગ્યા સુધી લાવવાની રહેશે.

**દાંડીયા ગરબા અને વેશભુષા હરીફાઈઓ :**

| | | | |
|---|---|---|---|
| **Group A** | **:** | **7 Yrs. & Below** | **Boys & Girls** |
| **Group B** | **:** | **8 Yrs. to 12 Yrs.** | **Boys & Girls** |
| **Group C** | **:** | **13 Yrs. to 18 Yrs.** | **Boys & Girls** |
| **Group D** | **:** | **19 Yrs. to 35 Yrs.** | **Gents & Ladies** |
| **Group E** | **:** | **35 Yrs and Above** | **Gents & Ladies** |

• વિશેષ સીનીઅર સિટીજન માટે ઓલ રાઉંડ પ્રાઇઝ. • વિશેષ પ્રોપ રાઉન્ડ

**કપલ દાંડીયા હરીફાઈ (Couple Dandia Competition)** : હરીફાઈમાં ફક્ત મેરીડ કપલ ભાગ લઈ શકશે. પ્રતિયોગીતામાં ફક્ત પાંરપરિક વેષભુષાને પ્રાધાન્ય આપવામાં આવશે.

આરતી, ગરબો અને દાંડીયા સજાવટ માટે નામ નિચે જણાવેલ ફોન નંબર ઉપર તા. ૧૫-૧૦-૨૦૧૩સુધી નોંધાવવું જરૂરી છે.

• દુધ-પૌવાની લહેજત સાથે અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.
• સ્પોન્સર શીપ બેનર માટે નામો આવકાર્ય છે.

***Further details in above mentioned competitions please contact :***

***Zeny Hemang Momaya*** ***Sheetal Hiten Chheda***
***9985101010*** ***8008130009***

# ABHA BEAUTY PARLOUR

BEAUTY & MEHENDI ACADEMY

*We are specialised in Bridal Make-up, Hairstyle & Mehendi*



- ✦ We undertake Hair Spa Treatment
- ✦ Galvanic Treatment
- ✦ Stone Theropy
- ✦ Body Spa
- ✦ Bridal Packages
- ✦ Foot Facial or Hand Facial also.

**Timing 11.00 am to 8.00**

Summer Special offer **Mehandi & Self Grooming Classes**

***Home service Facility is also available***

***Sunday Closed***

CONTACT : **Mrs. BHAVINI PATEL**

*203, 3rd Floor, Raghavendra Homes, Opp. Raghavendra Temple,*
*Kachiguda, Hyderabad - 27 Ph : 040-6516 3974, 99081 83870*

(જા.ખ.)

# SRI RIDHI SIDHI SNACKS & KHAKRAS

*Specialist In : Tomato Sticks, Sezwan Sticks, All types of Sev, Ghatiya, Chewda, Bhakharwadi, All Varieties of Sada Khakras, Diet Khakra, Mini Khakra, Special Masala, Chora Phari, Nachni Etc.*

*New Arrival : Roasted Kurkure 0% Colestral - Chana Jor, Moong Jor, Masoor Jor, Bajra Masala, Wheat Flakes, Potato Chips, Cheese Balls etc...*

## Deepavali Special Sweets, Laddus for Health

**FINIYA, MAGAJ, RAAGI MAGDALIYA, DALIYA, GODIYA, CHURMA, DESI MINI SATA AND DRY FRUIT CHIKKI**

CONTACT :

# 4-1-10, C/3-24, Pragati Society, Opp. Wesley Church,
Tilak Road, Hyderabad-1

**Ph : NITIN GALA - 99630 10657, SUNITA GALA - 94408 75034**

**BULK ORDER WILL BE TAKEN** (જા.ખ.)

# સંસ્થા સમાચાર

❖ **શ્રી હૈદરાબાદ ધરોડ ભાવિક મંડળ :** શ્રી સચ્ચા માતાને પત્રી સ્થાને નમતા ધરોડ નુખના ભાવિકોને સ્નેહભર્યુ આમંત્રણ. ધરોડ નુખના ભાવિકોને સમુહ પેડી તથા સમુહ દિવાળી જુવારમાં સહકુટુંબ પધારવા આમંત્રણ પાઠવીએ છીએ. સંવત ૨૦૭૦ કારતક સુદી ૮ રવિવાર તા. ૧૦-૧૧-૨૦૧૩ના શુભદિને સવારે ૯.૩૦ વાગ્યાથી શ્રી કચ્છી ભવનમાં કાર્યક્રમ રાખવામાં આવેલ છે. કાર્યક્રમ બાદ સાધાર્મિક ભક્તી પણ રાખવામાં આવેલ છે. પ્રસાદનો લાભ લેશોજી. આ સોનેરી અવસરે સર્વે ધરોડ ભાવિકો તથા ધરોડ નિયાણી બહેનોને સજોડે વહેલાસર પધારી શોભામાં અભિવૃદ્ધિ કરવા નેહભર્ય આમંત્રણ છે.

દિવાળી જુહાર માટે વાર્ષિક રૂા. ૩૫૧/-નો નકરો રાખવામાં આવેલ છે. તો સર્વે ભાવિકોને તા. ૩૦ ઓકટોબર સુધીમાં Indian Optical માં પૈસા ભરીને નોંધણી કરાવવા વિનંતી.

❖ **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતી મહાજન,** હૈદ્રાબાદ : દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમ - બેંગ્લોરની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતી મહાજન હૈદ્રાબાદના નેજા હેઠળ તા. ૨૯-૯-૨૦૧૩ ના દિને રાખવામાં આવેલ. દક્ષિણના વિવિધ પ્રાંતોથી બહોળી સંખ્યામાં સભ્યો પધારેલ. આવનાર મહેમાનો સાથે તા. ૨૮-૯-૨૦૧૩ ના દિને શ્રી કુલપાકજી તીર્થની યાત્રાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. તીર્થ મુકામે બહારગામથી પધારેલ સૌ બહેનો સાથે સ્થાનીક બહેનોનું એક મહીલા સ્નેહ મિલનનું પણ આયોજન થયેલ. સેવા-પૂજાની સાથે - સાથે સૌએ મુંબઈથી પધારેલ અરવીંદ વેદાંત એન્ડ પાર્ટીના સ્તવનોની સુરાવલી સાંભળી. ગીતરાસ દાંડીયા રાસ પતાવી રાત્રી મુકામ તીર્થમાં જ કરવામાં આવેલ. તા. ૨૯-૯-૨૦૧૩ ના દિને એકમની સામાન્ય સભામાં બહોળી સંખ્યામાં સભ્યો પધારી સભાને સફળ બનાવી. બપોરના સ્વામીવાત્સલ્ય નો લાભ લઈ સૌ છુટા પડયા. આ સભામાં બેંગલોર એકમના કચ્છી-ભવન માટે ચાર રૂમના દાતાઓ એ પોતાની રકમ જાહેર કરી.

એક રૂમના દાતા શ્રી દિનેશભાઈ પીર - બેંગ્લોર
એક રૂમના દાતા શ્રી જયચંદભાઈ હેમરાજ મૈશેરી - હૈદ્રાબાદ
એક રૂમના દાતા માતુશ્રી રાજબાઈ પદમશી મોતા - હૈદ્રાબાદ
એક રૂમના દાતા માતુશ્રી સોનબાઈ મુલજી મોમાયા - હૈદ્રાબાદ

❖ **શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ,** જીનેશ્વરધામ : આ મહિનાના અતિથિ વિશેષ શેઠ શ્રી નલીનભાઈ પુનમચંદ ખારા રહેશે.

## જીવન ચક્ર

| | | | |
|---|---|---|---|
| **પુત્રી જન્મ** | શ્રીમતી ફાલ્ગુની જીતેન શાંતિલાલ નાગડા | ભોજાય | હૈદરાબાદ |
| | શ્રીમતી અંકીતા કેતન દામજી માવજી સાવલા | ડુમરા | દુબઈ |
| | શ્રીમતી ભાવિની ભાવેશ તારાચંદ હેણિયા | સાભરાઈ | હૈદરાબાદ |
| **ફોન નં. ફેરફાર** | દિવ્યા હરિશ મોતા - મો. ૮૬૮૬૮૭૧૧૮૩ | | |
| **Change of Address** | **Mukesh A. Shah,** Flat No. 800, Belmont Tower, Lodha Bellezza, KPHB Phase-4, Kukatpally, Hyderabad - 500 072. Ph : (R) 040-67508049, Email : goodman9ms@yahoo.com | | |

Cell : 92468 40054
93910 29413

# Chandan Traders

**All kinds of Household**
**Brushes, Soft Brooms, Coconut Brooms,**
**Scrubbers,Yellow Cloth, Check Cloths,**
**Floor Buster, Door Mats, Mops, Phynel etc.**

*3-4-103, Opp. Raghavendra Swamy Matt,*
*Kachiguda, Hyderabad - 500 027.*

(શ્રી.મ.)

# Nagpur's Gautam Sonpapdi

*(Since 1998)*

- *Prepared with original Pista - Elachi with Badam Topping.*
- *Individually packed for extra long freshness.*
- *Gift box packing.*
- *Wholesale & Retail.*

**SPECIAL JAIN KHAKHARA**
***Available Flavors***
***Sada, Jeera, Methi, Masala, Palak, Tomato, Ragi***

*Contact*
***M.J. Mehta - 8688430060, 040-2755607.***

(શ્રી.મ.)

# વિવિધા

## પ્રાઈમ મિનિસ્ટર જેઓ પાંચ હજારની લોન પણ ન ચુકવી શક્યા

૨ ઓક્ટોબર ૨૦૧૩ ના પુ. મહાત્મા ગાંધીજીનો જન્મ દિવસ હતો સાથે સાથે શ્રી લાલ બહાદુર શાસ્ત્રીનો જન્મ દિવસ પણ હતો. આજના રાજદ્ધારી મહાનુભાવો જે બેફામ રીતે પૈસો ભેગા કરે છે અને જે લાઈફ સ્ટાઈલથી રહે છે તેમની સરખામણીમાં પદભ્રષ્ટ થયેલ રાજા મહારાજાઓ પણ કંઈ ન હતા.

શાસ્ત્રીજીએ એક ફીયાટ ગાડી ખરીદવા માટે બેન્કમાંથી લોન લીધેલ જ્યારે તેઓ મીનીસ્ટર હતા. લોનના હપ્તા ભરપાઈ કરવાની શરૂઆત કરે ત્યાંજ તેમનું દેહાંત થઈ ગયું. બેન્કની નોટિસ આવતા તેમના પત્ની લલિતા શાસ્ત્રીએ તેમના પતિના પેન્શનમાંથી હપ્તા ભરી લોન ચુક્તે કરી. આ કાર હજુ પણ લાલ બહાદુર શાસ્ત્રી મ્યુઝિયમ નવી દિલ્હીમાં મોજાુદ છે.

શાસ્ત્રીજીની ઈમાનદાર અને સાદગીભરી જીંદગીના પ્રતિક રૂપી તેમની કેટલીય ચીજો આ સંગ્રહાલયમાં જોઈ લોકો ભાવુક બની જાય છે.

એમની જીંદગીનો એક પ્રસંગ જાણવા જેવા છે. કેંદ્રના મંત્રી તરીકે નહેરૂજીએ તેમને કાશ્મિર જવા માટે સુચના કરી. શાસ્ત્રીજી જવા માટે આનાકાની કરતા હતા. નહેરૂજીએ આગ્રહ પૂર્વક પુછ્યું, શા માટે તમે જવા માટે ના પાડો છો? સંકોચાતા સંકોચતા શાસ્ત્રીજીએ જણાવ્ય કે, કાશ્મિરની ઠંડીથી બચવા મારી પાસે ગરમ કોટ નથી. આ સાંભળી નહેરૂજી ગદ્ગદિત થઈ ગયા અને પોતાનો કોટ તેમને આપ્યો, તે શાસ્ત્રીજી પાછળથી પણ વાપરતા રહ્યા.

આ સંગ્રહાલયમાં, તેમની તુટેલી ટોર્ચ, તુટેલો દંતિયો, દાઢી કરવા માટે જાુનો રેઝર તેમ અન્ય ચીજો છે, એમના બેડ રૂમમાં સુવા માટેનો એક પાટ, થોડી ખુરશીઓ હજુ પણ ત્યાં મોજાુદ છે.

આવી વિશિષ્ઠ વ્યક્તિ હતા આપણા શ્રી લાલ બહાદુર શાસ્ત્રી, આપણા દેશના પ્રધાન મંત્રી.

**રમેશ એમ. શાહ**
(હિન્દી મિલાપ દૈનિકના આધારે)




*દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :*

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(શુ. ચ્છે.)



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ००૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.પ્ર. H-2750)

## Upto **20%** Discount on Medicines on M.R.P.

## Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections

## ALL GENUINE MEDICINES ONLY

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા.પ્ર.)

# તમે આસ્તીક કે નાસ્તીક?

એક ગામમાં આસ્તીકો અને નાસ્તીકો વચ્ચે ઈશ્વરના અસ્તીત્વ વીશે ઉગ્ર ચર્ચા થઈ રહી હતી. તેવામાં ત્યાંથી પસાર થતું કુંભારનું એક બળદગાડું ઉંડી ગટરમાં ઉથલી પડ્યું. આની જાણ થતાં આસ્તીકો અને નાસ્તીકો સૌ ત્યાં દોડી ગયા. સૌએ ધક્કા મારી ગાડું બહાર કાઢ્યું, કુંભારનાં બધાં જ માટલાં ભાંગી ગયાં હતાં. નુકસાન જોઈ કુંભારની આંખમાં આંસુ આવી ગયા. આસ્તીકો અને નાસ્તીકોએ થોડા થોડા પૈસાનો ફાળો એકત્ર કરી નુકસાન ભરપાઈ કરી આપ્યું.

કુંભારે સૌનો આભાર માની જીજ્ઞાસાવશ પુછ્યું. તમે સૌ અહીં શા માટે ભેગા થયા છો? બધાએ જવાબ આપ્યો, અમે ઈશ્વર છે કે નહીં તે નક્કી કરવા અહીં ભેગા થયા છીએ, કુંભારે પુછ્યું, પછી શું થયું ? કોઈ નીવેડો આવ્યો ? જવાબ મળ્યો, ના... ચર્ચા હજી ચાલુ છે, કુંભારે જરા સંકોચ સાથે કહ્યું, તમે બધા વિદ્વાનો છો. હું તો બહુ નાનો માણસ છું. મને એક પ્રશ્નનો જવાબ આપો, કહી કુંભારે આસ્તીકોને પ્રશ્ન કર્યો, તમે મારી મદદે આવ્યા, તે શું વીચારીને આવ્યા ? આસ્તીકોએ કહ્યું, અમે એવો વીચાર કર્યો કે મુશ્કેલીમાં આવી પડેલા માણસને મદદ નહીં કરીએ તો એક દીવસ ભગવાનના દરબારમાં હાજર થવાનું છે ત્યાં શો જવાબ દઈશું?

કુંભારે નાસ્તીકોને પ્રશ્ન કર્યો, તમે તો ભગવાનમાં નથી માનતા ! તમે કેમ મારી મદદે આવ્યા? નાસ્તીકોએ કહ્યું, અમે માનીએ છીએ કે માણસ જ્યારે મુશ્કેલીમાં આવી પડે છે ત્યારે આકાશમાંથી કોઈ ભગવાન તો મદદ કરવા આવવાનો નથી ! માનવતાને નાતે માણસે જ માણસની મદદ કરવી જોઈએ ! કુંભારે આગળ કહ્યું, તમે તમારી ચર્ચા અટકાવી મારી મદદે દોડી આવ્યા, મને આર્થીક મદદ પણ કરી, હું માનું છું કે મારે માટે તો તમે જ મારા ભગવાન છો. આવું માનવતાનું કામ કર્યા પછી તમે ઈશ્વરના અસ્તીત્વને સ્વીકારો કે નકારો, કોઈ જ ફરક પડતો નથી. ભાઈઓ, આસ્તીક છે તેમણે ભગવાનને નજરમાં રાખીને માનવતાનાં કામો કરવાં અને નાસ્તીક છે તેમણે ભગવાન નથી, તેથી આ તો આપણી જ ફરજ છે એમ સમજી માનવતાનાં કામો કરવાં જોઈએ ! કહી કુંભાર તો રસ્તે પડ્યો.

કુંભારની વાત પેલા આસ્તીકો અને નાસ્તીકો સમજ્યા કે નહીં તેની જાણ નથી; પણ આપણને એક વાત સમજાય છે. ઈશ્વર છે કે નહીં તેની ચીંતા કર્યા વીના માણસે દુનીયામાં ભલાઈનાં કામો કરતા રહેવું જોઈએ. ભગવાન હશે તોય તેમને એવા જ આસ્તીકો ગમશે જે માણસના ધોંચમાં પડેલા ગાલ્લાને ધક્કો મારી બહાર કાઢી આપે અને નાસ્તીકો માટે તો તેને કોઈ ફરીયાદ જ ન રહે જો તેઓ લોકોનાં ડુબતાં વહાણ તારશે, દુખીઓનાં આંસુ લુછશે. આસ્તીકતા કે નાસ્તીકતા કરતાં માનવતા મહાન છે. માનવતા જ સાચી પ્રભુતા છે. દરેક માનવીને પેલા કુંભાર જેટલી સમજ મળી જાય તો...!

સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**

am2pm Tours & Travells

Rent a Car : Local Sight Seeing, Marriages, Out Station Booking etc.

Special Packages for : Kulpakji, Srisailam, Tirupathi, Shirdi other Pilgrim Centres, Ramoji Film City, Local City Sight Seeing etc.

Cars Available : Tata Indica, Tata Indigo, Innova, Tempo Traveller, Qualis

for Booking please contact :

Mob : 93936 12263, 77998 48697

email : am2pmtoursandtravells@gmail.com

Shop No. 36, Royal Plaza Complex, Sultan Bazar, Hyderabad 500 095.

(જી.પ.)



Iksita

Sarees
Lehangas
Kurtas
Designer Suits
Tunics
Western Outfits
Custom made Outfits
Designer Blouses

Hiral Hardik Gala
Hiral Jitendra Gala

4-3-53/54,
K.S. Lane,
Raghunath Bagh,
Sultan Bazar,
Hyderabad - 500 095.
9502699988
9966572644

(જા.ખ.)

નિબંધ હરિફાઈમાં બીજી આવેલ કૃતિ

# *Health is Wealth*

The majority of people worship God and pray him to bless them with money and wealth. They have a firm belief that if they have plenty of money, anything and every thing can be got. But this is a wrong notion. They have forgotten a fundamental thing namely health. Of all material things, health is the most precious one. You ask any **ill Health** person the following question - "what precious thing do you want, sir?' You may wonder at his answer. He does not want any precious thing in the world except good health. If we have this, everything will follow one after the other.

In order to become healthy, there are certain principles in life. First of all, our mind should be sound. This will only be found in a sound body. Regulated food is the first requisite for good health. Our diet must be simple and whole some. Green vegetables, milk and well cooked food should be taken at fixed hours, spices, fats, heavy food should be avoided, eating between meals is always bad for our health. Our life must become deciplined. That is food, work and rest have to be carried on in a disciplined way.

Physical exercise is very important. According to the age and taste, exercises should be chosen, walking in the early hours is a good exercise. Students should take part in sports and games. Hard work is not harmful to our body. It is a must because the bad elements come out of our body in the form of sweat and our hunger inareases, so that we eat sufficient food and can easily digest it.

We must always avoid bad temper, anger, jealousy, worry, greed and hatred. They are like fire and they burn the person who has these bad companions. We must always be tolerant, peaceful and loveable in our behaviour towards others. Whenever there is a problem, sit peacefully for sometime and then pray God & Read some books.

If we lose wealth, it is nothing, but if we lose health everything is lost.

**Hemal Rajesh Lodaya**

## ક્ષમાદાન એજ મહાદાન

ક્ષમા માંગનાર ક્યારે નાનો નથી થઈ જતો !
ક્ષમા માંગવામાં વળી શરમ કેવી?
જોકે ક્ષમાં માંગવાની પહેલ કરનાર વ્યક્તિમાં પૂરી
વૈચારિક પરિપક્વતા અને પ્રામાણિકતા હોવી જોઈએ.
ક્ષમાં એજ માંગે છે જે મહાન છે ક્ષમા એજ આપે છે જે જાગરૂક છે !

માણસ હોવાને કારણે ક્ષમાદાનની કળા આપણને સહજ પણે હસ્તગત થઈ શકે છે. ક્યારેક બેસી ને જરાક શાંત અને સ્વસ્થ દિમાગથી વિચારવાની કોશીશ તો કરો.... આપણા ભૂતકાળ માં જઈ નજર તો કરીએ....

જો આપણે પ્રામાણિક હોઈશું તો જરૂર લાગશે કે ઘણી વખત આપણે. બીજાનાં દિલને દુભાવ્યું છે. ઘણી વખત નિર્ણય લેવામાં ભુલકરી છે... કડવા બોલ ઉચ્ચાર્યા છે... બીજાથી બહુ જલ્દી આગળ નીકળી જવામાં છલ-કપટ અને માયા પ્રપંચ રમ્યા છીએ અને જ્યારે આબધું કર્યું જ છે. તો પછી એ માટે અફસોસ જાહેર કરવામાં ખચકાટ શા માટે ?

કોઈએ તમારૂં અપમાન કર્યું. જો એ તમારાથી નાનો છે.... નબળો છે તો તેને ક્ષમા કરી હો.

બન્ને હાલતમાં આપણે તો ક્ષમાની આંગળી જ પકડવાની છે ! જેના વગર જીવનની યાત્રા સંભવ નથી, એની ભુલો થવા છતાં પણ એને ક્ષમાનું દાન કરવું જરૂરી છે.

**લહેરચંદ ટોકરશી લોડાયા**

## મોડાં કેમ આવ્યાં ?

એક શહેરમાં આર્થિક રીતે સુખી, સંસ્કારી અને જુવાન દંપતી રહેતું હતું. પતિનું નામ મનોજ અને પત્નીનું નામ સરલા હતું. તેમના ઘરમાં બીજું કોઈ માણસ ન હતું. પતિ-પત્ની શિક્ષિત અને સમજદાર હતાં. કેવું તેમનું પ્રસન્ન દામ્પત્ય !

એક વાર તેમણે વર્તમાનપત્રમાં જાહેરાત આપી કે એક વયોવૃદ્ધ બહેન જોઈએ છે. એ જાહેરાત વાંચી એક દિવસ એક બહેન તેમને ઘેર આવ્યાં. પતિ-પત્નીએ અંતરના ઉમળકાથી તેમનું સ્વાગત કર્યું. એવામાં એ બહેને પ્રશ્ન કર્યો ! “બોલો, આ ઘરમાં રહીને મારે શું શું કામો કરવાનાં છે ?” મનોજે કહ્યું: ‘અમારા ઘરમાં રસોઈનું કામ મહારાજ કરે છે. વાસણ માંજવાનું અને કપડાં ધોવાનું

SCAN THIS QR CODE ON YOUR SMART PHONE TO KNOW MORE ABOUT US.!!!

(ક્રમશ:)

કામ નોકરાણી કરે છે. એટલે બીજું તો ખાસ કંઈ કામ નથી'.

'તો પછી તમે જાહેરાત આપીને મને કેમ બોલાવી ?' એ બહેને પૂછ્યું.

મનોજે કહ્યું : 'બહેન ! અમારા ઘરમાં કોઈ વૃદ્ધજન નથી. રોજ સવારે અમે પતિપત્ની બહાર ફરવા જઈએ છીએ અને ગમે ત્યારે ઘેર પાછાં આવીએ છીએ. એવે સમયે અમને 'મોડાં કેમ આવ્યાં ?' એવું હક્કથી પૂછનાર કોઈ નથી. એટલે એ કામ તમારે કરવાનું છે'.

'બેટા એ કામ હું કરીશ.' એ બહેને હસતાં હસતાં કહ્યું. તેમના મુખે 'બેટા' શબ્દ સાંભળીને મનોજ અને સરલા ખુશ ખુશ થઈ ગયાં.

એ દંપતીની વૃદ્ધજન પ્રત્યેની ઉદાત્ત ભાવના કેવી પ્રેરક છે !

**કનૈયાલાલ રાવલ**

સંકલન : **કનૈયાલાલ ઠક્કર,** ઈંદૌર

## પ્રાર્થના

હે કરૂણાનિધાન ! કૃપેશ્વર શાશ્વત જ્યોતિ સ્વરૂપ ! જીવનમાં આવતા દુઃખોમાંથી બહાર નીકળવાના આજસુધી મેં જેટલા વલખા માર્યા તે બધાજ નિષ્ફળ ગયા છે. તે જ રીતે જીવનમાં સુખને મેળવવા જેટલા વાના કર્યા છે તે ય બધા અધુરા રહ્યા છે. જેમને મેં મારા માન્યા તેઓએ કટોકરીમાં આઘા ખસી જઈ મને નિરાધાર બનાવ્યો છે. હે જગદ્‌ગુરૂ! હવે મને એક સત્ય સમજાઈ ગયું છે કે મારી પરિસ્થિતિ આવીજ બની રહે એવું જ જો તું ઈચ્છતો હોયતો ભલે તારી ઈચ્છાઓનો પ્રતિકાર મારે નથી કરવો. તું તો જગતનો ન્યાયાધીશ છે. મારા જીવન માટે તારો જો આવો જ અભિગમ છે તો મને સ્વીકાર્ય છે. હે નાથ ! તું તો પરાશક્તિનો માલિક છે. હું તો સાવ ક્ષુદ્ર જંતુ સમાન છું. તારી પાસે આજે વધુ નથી માંગતો, આટલું તો આપજે હે ભગવાન !

*દુઃખને હું સુખ કરી લેખું.*
*સુખમાં હું છકી ન જાઉં*
*અપેક્ષાઓ મારી તુટી પડો*
*ઈચ્છાઓ મારી મરી જાઓ.*
*કોઈનું સુખ દેખી હું સળગી ન જાઉં*
*કોઈનું દુઃખ દેખી હું, રાજી ના થાઉં*
*સદા સમભાવમાં રહું.*
*દુન્વયી કાર્યોનો હું માત્ર દૃષ્ટા બનું.*

હે પરમેશ્વર ! તારી ઈચ્છાઓનો જય થાઓ. તારોજ જય થાઓ. વિજય થાઓ.

**દિનેશ કલ્યાણજી ગોસર**

# Kutchhi Cricket Club Hyderabad

presents

the ultimate cricket extravaganza

Victory Cup

# KPL-6

KUTCHHI PREMIER LEAGUE

## 2ND FEB 2014

EVENT SPONSORS

**Victory Comfort Products**

Manufactures of Rubberised Coir Mattresses

Shri Prafulbhai Ratanshi Gogri Pariwar

TEAMS 2014

Shanti Ke Sitare

Two One Two 212

Vishal Warriors

Chandan Champs

Shanti ke Sahenshah

Galaxy of Stars

Raj Royals

marc masters

For Sponsorship opportunities please call
Paresh Gala-074166 59881
Manthan Shah-98493 19090

For Further information & suggestions visit www.cricketkpl.com.
join us on facbook@kutchhicricketclubhyderabad. Manthan Shah - 98493 19090



**FLEX BANNERS, NEW YEAR DIARIES, CALENDERS, DESIGNING - PRINTING OF SOUVENIRS, BILL BOOKS, BROUCHER, PAMPHLETS, VISITING CARDS ETC. IN HINDI, GUJRATI, TELUGU & ENGLISH LANGUAGE.**

CONTACT: **PARAS RAMESH JAGIRDAR**

**PH : 66680780, 99499 81999 email: parasrj@gmail.com**

(જા.ખ.)

# TAROT CARD READING

***TAROT CARD READING FOR PERSONAL, PROFESSIONAL, FINANCIAL & OTHER PROBLEMS***

Contact : *Meeta Joshi* **Ph : 9848841133**

www.meetaspathtohappiness.com

(જા.ખ.)

**COMPUTERISED HOROSCOPE, MATCH MAKING IN HINDI, ENGLISH LANGUAGE.**

**DESIGNING - PRINTING - COLOUR PRINTS - FLEX BANNERS**

Contact: **RIDESH RAMESH JAGIRDAR @ CHANDRAPRABHA GRAPHICS**

**37, ROYAL PLAZA, SULTAN BAZAR, NEAR HVS SCHOOL, HYDERABAD.**

**PH: 66780780, 98499 88999 chandraprabhagraphics@gmail.com**

(જા.ખ.)

**MEDIA PUBLICITY, ADVERTISEMENTS IN LEADING NEWS PAPERS LIKE HINDI MILAP, SWATANTRA VARTHA, DECCAN CHRONICLE, TIMES OF INDIA**

Contact: **RIDESH RAMESH JAGIRDAR @ ATLAS ADVERTISING & DESIGNING**

**37, ROYAL PLAZA, SULTAN BAZAR, NEAR HVS SCHOOL, HYDERABAD.**

**PH: 66780780, 98499 88999 atlas.jagirdar@gmail.com**

(જા.ખ.)

**DEEPAK MAVJI DHAROD** **Cell : 98490 53458**

## BHAVANA TOURS & TRAVELS

**RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES**

**DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK**

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally, Hyd-20.

(જા.ખ.)

શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

**(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)**

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર.

રાબેતા મુજબની નવેમ્બર ૨૦૧૩ની શ્રી કુલપાકજી તીર્થ યાત્રા રવિવાર તા. ૩-૧૧-૨૦૧૩ ના બદલે (તે દિવસે દિવાળી હોવાથી) બસ રવિવાર તા. ૧૦-૧૧-૨૦૧૩ના રાખેલ છે.

શ્રી સંઘ અંતર્ગત નવનવી પ્રવૃત્તીઓ હાથે લેવાનો પ્રયત્ન થાય છે. એના અનુસંધાનમાં કાર્યકુશળ કાબેલ સંચાલક મળે તો એક એવો ગ્રુપ ઉભો કરવો છે, જે સુંદર ભક્તી ભાવના કરી શકે તથા વાદ્ય પણ વગાડી શકશે. વાદ્ય સ્થાન તથા તાલીમ આપનાર શિક્ષક માટે શ્રી સંઘને ઓફર મળી છે. ફક્ત આપણને તક ઝડપી લેવી છે માટે તુરન્ત શ્રી સંઘના સંચાલકને સંપર્ક કરી આ બાબતની કાર્યવાહી આગળ ધપાવીએ. સાથે-સાથે જે પણ ભાવિક ગાઈ શકે છે, અથવા વાદ્ય વગાડી શકે છે, એવા કલાકારો પોતાના નામો નોંધાવે. ઈચ્છા પ્રબળ હશે તો સમાજમાં ભક્તી ભાવનાનો કાર્યક્રમ આપવા આપણા પોતાનો એક શક્તી શાળી ગ્રુપ હશે માટે જરૂર થી વિચારશો તથા આગળ આવશો.

રાજસ્થાન તીર્થ યાત્રાની પૂર્વ તૈયારી જોર શોરથી ચાલુ છે. વેલી તકે નામો નોંધાવશો. તમારી ઈચ્છા મનની મનમાં નહી રહી જાય.

આજીવન સભ્યપદની નોંધણી તથા સંકલ્પ અનુદાન પત્રોનું વિતરણ ચાલુ છે. પુણ્યાર્જનની તક ઝડવી લેશો.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,** (જા.ખ.)

**ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ**

**હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**